# ઉમેદવારો દ્વારા બિન સચિવાલય કલાર્ક અને ઓફીસ આસીસટન્ટની પરિક્ષા યોજવા માંગ

ગાંધીનગર, તા.૫

ગુજરાત રાજય ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા બિન સચિવાલય કલાર્ક અને ઓફિસ આસીસટન્ટની પરિક્ષાની તારીખ જાહેર કરવામાં આવે તે માટે ઉમેદવારો દ્વારા ઉચ્ચકક્ષાએ આવેદન પત્ર પાઠવી લેખિત રજુઆત કરી હતી. જો આગમી ૩૦ દિવસમાં પરિક્ષાની તારીખ તંત્ર દ્વારા જાહેર નહી કરવામાં આવે તો ઉમેદવારો દ્વારા ઉગ્ર લડત આપવમાં આવશે.

કોરોનાની વૈશ્વિક મહામારીને પગલે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા બિન સચિવાયલ કલાર્ક અને ઓફિસ આસીસટન્ટની પરિક્ષા પાછી ઠેલાઈ છે. તંત્ર દ્વારા પરીક્ષા લેવામાં વિલંબ થઈ રહ્યો હોવાથી ઉમેદવારોનું ભાવિ ધુધળુ અને મુજવણભર્યું છે. ત્યારે રાજયનુ જનજીવન ધબકતુ થઈ ગયું છે. રાજયમાં થિયેટરો, મોલ, શાકમાર્કેટ, અને જાહેર સ્થળો પર કાર્યક્રમો થઈ રહ્યા છે. ત્યારે પરિક્ષા નહી લઈને ઉમેદવારોનું ભવિષ્ય અંધકારમય ધકેલાઈ રહ્યું હોય તેમ લાગી રહ્યું છે.હાલના સમયે ૬ લાખથી વધુ ઉમેદવારો પરિક્ષાથી વંચિત રહ્યા છે. પરિક્ષાઓ વારંવાર રદ થાય છે. તે કારણ પસંદગી મંડળની ખામી હોય તેમ દર્શાવે છે.ત્યારે રાજયના યુવાનોનો સળગતો પ્રાણપ્રશ્ન સમજી સરકાર દ્વારા હકારાત્મક અભિગમ અપનાવી આગામી ૩૦ દિવસમાં બિન સચિવાલય અને ઓફિસ આસી.ની પરિક્ષાની તારીખો જાહેર કરવામાં આવે તેવી માંગ ઉમેદવારોમાં ઉઠવા પામી છે.



ચિલોડા ગામમાં બંગડીવાળા વિસ્તારમાં જવાના માર્ગ નજીક ટ્રેકટરની અડફેટથી જીવંત વીજ પોલ ધરાશયી થતાં ધડાકાભેર તણખલા સાથે વીજ વાયરો તૂટી પડ્યા હતા અને મોટી જાનહાનિ થતા ટળી હતી.

# ચિલોડા પાસેથી દુર્લભ સિવેટ કેટ કૂતરાઓ કરડવાથી ઘાયલ અવસ્થામાં મળી આવી

**ગાંધીનગર વોલિયન્ટર્સ ગ્રુપના સ્વયંસેવકોએ સિવેટ કેટને રેસ્ક્યુ કરી વન વિભાગના અધિકારીઓને સોંપી : સિવેટ કેટ ને પીઠના ભાગે ઇજાઓ થઇ હતી જે માટે ચિલોડા વેટરનરી દવાખાનામાં સારવાર આપી વધુ સારવાર માટે બોડકદેવ ખસેડાઈ**

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના ચિલોડા નજીકથી એક ખેતરમાં સિવેટ નામનું દુર્લભ પ્રાણી કૂતરાઓથી



ઘાયલ થયેલી અવસ્થામાં મળી આવ્યું હતું જેને ગાંધીનગર વોલિયેન્ટર્સ ગ્રુપના સ્વયંસેવકો દ્વારા રેસ્ક્યુ કરીને વનવિભાગના અધિકારીઓને સોંપવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે સિવેટ કેટ એ બિલાડી કૂળનું અત્યંત દુર્લભ પ્રાણી છે જે ગાંધીનગર નજીક જોવા મળતા શહેરના અને જિલ્લાના વાઈલ્ડલાઈફ લવર્સ માં આનંદની લહેર પ્રસરી જવા પામી છે.

આજે સાંજે અંદાજે પાંચેક વાગ્યાના સુમારે ચિલોડાથી હિંમતનગર તરફના માર્ગ પર એક ખેતરમાં બિલાડી જેવા દેખાતા એક પ્રાણીને કૂતરાઓએ ઘાયલ કરી હોવાનો કોલ ગાંધીનગર વોલિયેન્ટર્સ ગ્રુપને મળ્યો હતો જે પ્રાણી અલગ જ પ્રકારનું જોવા મળ્યું હતું જેને વોલિયન્ટર્સ ગ્રુપના સ્વયંસેવકોએ ત્યાં પહોંચ્યા ત્યારે તે સિવેટ કેટ હોવાનું માલુમ પડ્યું હતું. સ્થળ ઉપર ધસી ગયેલા ગાંધીનગર વોલિયન્ટર સૂચના સ્વયંસેવકો કલ્પેશ જોશી, મેઘા દવે અને અમિત ગોંડ દ્વારા તિબેટની સફળતાપૂર્વક રેસ્ક્યુ બધાયને વનવિભાગના અધિકારીઓને સોંપવામાં આવ્યું હતું જેને ચિલોડા ખાતેના વેટરનરી દવાખાને સારવાર આપવામાં આવી હતી. કૂતરાઓએ સીવેટ કેટના પીઠના ભાગે કરડીને તેને ઘાયલ કરી હતી. સિવેટ કેટ એક શિડ્યુલ્ડ એનિમલ છે જે દુર્લભ પ્રાણીઓમાં ગણાય છે જે ગાંધીનગર રેન્જમાં જોવા મળતાં ગાંધીનગરના વન્યજીવ પ્રેમીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર સિવેટ કેટને ચિલોડા ખાતે સારવાર અપાયા બાદ બોડકદેવ ખસેડવામાં આવી હતી. સારવાર બાદ ઓબ્ઝર્વેશનમાં રાખવામાં આવશે ત્યારબાદ જ્યારે તે સંપૂર્ણ સ્વસ્થ જણાશે ત્યારે તેને ફરી જંગલ વિસ્તારમાં મુક્ત કરી દેવામાં આવશે.

## ખૂણેખાંચરેથી

- જંત્રીના ભાવોમાં રહેલી વિસંગતતા અંગે આજે જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે બેઠક મળી હતી.
- રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગે સચિવાલય સંવર્ગના ત્રણ અધિકારીઓના આજે હુકમ કર્યા જેમાં એકની બદલીનો હુકમ રદ તો અન્ય બે ની બદલીના હુકમો કરાયા છે.
- ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળની આજે બોર્ડ બેઠક મળશે.
- ૨૧-૨૨ના વર્ષમાં બોર્ડ દ્વારા લેવાનારી પરીક્ષામાં ખાસ કિસ્સામાં કોરોનાની આ સ્થિતિમાં કેન્દ્રો બદલી આપવા ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ શિક્ષણમંત્રીને પત્ર લખી રજુઆત કરી છે.
- એમટીએમ અને વિક્કીના સભ્યોએ ઘ-૬ વિસ્તારમાં જરૂરિયાતમંદ લોકોને રોગ પ્રતિકારક અને શક્તિવર્ધક કવાથનું વિતરણ કર્યુ હતુ.
- અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓ. બેંકની આજે પાક-ધિરાણના દર નિયત કરવા માટે બેઠક મળશે.
- પ્રધાનમંત્રી મોદી ગાંધીનગરના પ્રવાસે આવી રહ્યાની વાતોને લઈ તંત્ર દ્વારા તૈયારીઓ હાથ ધરાઈ.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**ડોક્ટર સાહેબ એ કહો મને જે, કોરોના થયો હતો એ ચાઈનાવાળો હતો ? અને હવે મને બ્રિટનવાળો કોરોના થાય તો તેની ફી આટલી જ હોય કે વધારે હોય ???**

# રાજ્ય પોલીસ તંત્ર કોરોના સંક્રમણ નિયંત્રણ માટે સતત પ્રયત્નશીલ

રાજયમાં કોવિડ-૧૯ સંક્રમણની પરિસ્થિતિને ધ્યાને લઈ ડી.જી.પી. આશીષ ભાટિયા દ્વારા રાજયના તમામ પોલીસ અધિકારીઓને સરકારની એસઓપીનો ચુસ્તપણે અમલ થાય તે દિશામાં સઘન પ્રયત્નો કરવા તેમજ વિશેષ પોલીસ બંદોબસ્ત તથા પેટ્રોલિંગ દ્વારા સોશિયલ ડિસ્ટન્સીંગ તથા માસ્કના નિયમોનું પાલન કરાવવા તથા માસ્ક ન પહેરનાર વિરૂદ્ધ જાહેરનામા ભંગ અંગે વધુ કડક કાર્યવાહી કરવા સુચના આપવામાં આવી હતી.

જેના અનુસંધાને રાજય પોલીસતંત્ર દ્વારા તા. ૨૮-૧૨-૨૦૨૦ થી તા. ૪-૧-૨૦૨૧ દરમ્યાન કોરોના સંક્રમણ અંગેના નિયમોનો ચુસ્તપણે અમલ કરાવવા અંગેની નોંધપાત્ર કામગીરી કરવામાં આવેલ છે. છેલ્લા એક અઠવાડીયામાં જાહેરનામા ભંગના કુલ ૩,૨૩૯ ગુન્હા દાખલ કરી જાહેરમાં માસ્ક ન પહેરવા બદલ તથા જાહેરમાં થુંકવા બદલ કુલ ૮૪,૧૫૫ વ્યક્તિઓ પાસે રૂ. ૮,૩૮,૧૪,૦૦૦નો દંડ વસુલ કરાયો છે તથા કરફ્યુ ભંગ બદલ તથા એમ.વી. એક્ટ ૨૦૭ની જોગવાઈના ભંગ બદલ ૬,૧૦૦ વાહનો જપ્ત કર્યા છે, તેમજ જાહેરનામા ભંગ બદલ કુલ ૬,૩૦૧ વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી.




# ગુજરાતને છે વિશ્વાસ, હારશે કોરોના, જીતશે ગુજરાત...

ગુજરાત સરકાર





## કોરોના મહામારી દરમિયાન ગુજરાત સરકારની શ્રેષ્ઠ કામગીરી

- કોવિડ-૧૯ નો પ્રથમ કેસ નોંધાયાના ગણતરીના દિવસોમાં **૨૨૦૦ બેડ્સની ક્ષમતા સાથે રાજ્યના ચાર મહાનગરોમાં ડેડિકેટિડ કોવિડ–૧૯ હોસ્પિટલોની સ્થાપના**
- **સારવાર માટે PPP મોડલ :** ૫૦% બેડ્સને સરકારી ફંડ આપીને ખાનગી હોસ્પિટલોનું કોવિડ-૧૯ હોસ્પિટલમાં રૂપાંતર કર્યુંઃ **ગુજરાત સરકારના આ PPP મોડલની ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટે પણ કરી પ્રશંસા**
- **ડોર–ટુ–ડોર** આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવા માટે **ધન્વંતરી આરોગ્ય રથની શરૂઆત**
- **WHO એ ધન્વંતરી રથ મોડલની કરી પ્રશંસાઃ** અન્ય દેશોને પણ આ મોડલને અનુસરવા કરી ભલામણ
- કોરોનાના તત્કાલીક ટેસ્ટિંગ માટે ૧૦૪ અને માનસીક સારવાર માટે હેલ્પલાઈન ૧૧૦૦ની શરુઆત કરી
- કોરોના સંક્રમણ પર કાબૂ મેળવવા માટે રાજ્યમાં ટ્રેસિંગ, ટેસ્ટિંગ અને ટ્રીટમેન્ટની 3T સ્ટ્રેટેજીનો અમલ
- કોરોનાગ્રસ્ત દર્દીઓને ત્વરિત સારવાર ઉપલબ્ધ કરવા માટે રાજ્યમાં ૩ ટિયર સ્ટ્રેટેજીનો અમલ, જે
  - અંતર્ગત અતિગંભીર દર્દીઓની સારવાર માટે ડેડિકેટેડ કોવિડ હાસ્પિટલ (DCH),
  - મધ્યમથી ગંભીર લક્ષણોવાળા દર્દીઓ માટે ડેડિકેટેડ કોવિડ હેલ્થ સેન્ટર્સ (DCHC) અને
  - સાધારણ લક્ષણોવાળા દર્દીઓ માટે ડેડિકેટેડ કોવિડ કેર સેન્ટર્સ (DCCC)ની સ્થાપના
- વિદેશો કે દેશના અન્ય રાજ્યોમાંથી ગુજરાત આવતા લોકો માટે **નિઃશુલ્ક ઈન્સ્ટિટ્યૂશનલ ક્વોરન્ટાઈનની સુવિધા ઉપલબ્ધ**
- ડ્યૂટી દરમિયાન કોરોના લાગુ થઈ જવાને કારણે મૃત્યુ પામનાર કોરોના વોરિયર્સના પરિવારજનોને **રાજ્ય સરકાર તરફથી રૂ. ૨૫ લાખની આર્થિક સહાય**
- રેમડેસિવીર અને ટોસિલિઝુમેબ જેવા મોંઘા ઈન્જેક્શન નિઃશુલ્ક આપી હજારો લોકોના જીવ બચાવાયા
- **રાજ્યમાં વેક્સિન વિતરણની તમામ વ્યવસ્થાઓ પૂરી કરવામાં આવી**

## કોરોના સામેની લડાઈ ગુજરાત કટિબદ્ધતાથી લડી રહ્યુ છે

- કોરોનાના દર્દીઓ માટે રાજ્યમાં સરકારી અને ખાનગી મળીને કુલ ૫૫,૫૫૯ બેડ્સ ઉપલબ્ધ
- અત્યાર સુધી ૧ કરોડથી વધુ ટેસ્ટ કરવામાં આવ્યા
- કુલ ૧૩૫૦ ધન્વંતરી રથ કાર્યરત,જેના દ્વારા ૨.૫ કરોડથી વધુ OPD કરવામાં આવી
- રાજ્યમાં ૩૧૭ DCH, ૧૦૨ DCHC અને ૩૨૦ DCCC કાર્યરત
- રાજ્યનો રિકવરી રેટ ૯૪.૧૫%

N

## નિર્ણાયક નેતા, મજબૂત સરકાર



ગુજરાત રાજ્યના તમામ નાગરિકોનાં આરોગ્ય અને સુખાકારી માટે ગુજરાત સરકાર પ્રતિબદ્ધ છે.

- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત